# Indofil Industries sets up CS2 production plant in Dahej

**Gandhinagar, Friday:** Mr. K. K. Modi, Chairman & Managing Director - INDOFIL INDUSTRIES LTD and Chairman – K K MODI GROUP today announced the opening of its state-of-the-art green energy CS2 production plant at Dahej, Gujarat. Indofil has entered into a landmark joint venture with Shanghai Baijin Chemical Group (SBC), China for CS2 manufacturing through a 51:49 partnership in INDO BAIJIN CHEMICALS PVT. LTD. The approximate $40 million plant would be the first in the country to use eco-friendly technology for CS2 production.

Speaking at the event, Mr. K. K. Modi said "At present, 80% of India's CS2 is imported from various parts of the world; this unit would substitute for some of these imports. Indofil is evolving rapidly; its sales have doubled in the past 4 years and it is set to maintain the current growth. Expansion in CS2 production is part of this rapid growth. By adopting eco-friendly technology in production, Indofil will set an example in the chemical industry for sustainable development." INDO BAIJIN CHEMICALS PVT. LTD. is the first Indo-Chinese joint venture for the Modi Group to establish an annual production capacity of 50,000 Tons of CS2, using "Green Technology".

## ઈન્ડોફિલ ઈન્ડસ્ટ્રીઝ દહેજમાં CS2 ઉત્પાદન એકમ શરૂ કરશે



ગાંધીનગર,શુક્રવાર

ઈન્ડોફિલ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તથા કે કે મોદી ગ્રૂપના ચેરમેન કે.કે. મોદીએ ગુજરાતના દહેજમાં તેના અત્યાધુનિક ગ્રીન એનર્જી CS2 ઉત્પાદન એકમ શરૂ કરવાની જાહેરાત કરી હતી. ઈન્ડોફિલે ઈન્ડો બૈજિન કેમિકલ્સ પ્રા.લિ.માં ૫૧.૪૯ની ભાગીદારી મારફત CS2ના ઉત્પાદન માટે ચીનની શાંઘાઈ બૈજિન કેમિકલ ગ્રૂપ (એસબીસી) સાથે સિમાચિહ્નરૂપ સંયુક્ત સાહસ શરૂ કર્યું છે. અંદાજે ચાર કરોડ ડોલરનો પ્લાન્ટ CS2 ઉત્પાદન માટે ઈકો- ફ્રેન્ડલી ટેકનોલોજીનો ઉપયોગ કરનાર દેશનો સૌપ્રથમ પ્લાન્ટ હશે.

આ પ્રસંગે કે.કે.મોદીએ જણાવ્યું હતું કે, "હાલમાં ભારતના ૮૦ ટકા CS2 ની વિશ્વના વિવિધ ભાગોમાંથી આયાત થાય છે. મને આશા છે કે આ એકમ આ આયાતોનો વિકલ્પ બની શકશે. ઈન્ડોફિલ ખૂબ જ ઝડપથી વિકાસ કરી રહી છે. તેનું વેચાણ છેલ્લા ચાર વર્ષમાં બમણું થઈ ગયું છે અને તે વર્તમાન વૃદ્ધિદર જાળવી રાખવા માંગે છે.

ઈન્ડો બૈજિન કેમિકલ્સ પ્રા.લિ.'ગ્રીન ટેકનોલોજી'ના ઉપયોગ મારફત ૫૦,૦૦૦ ટન CS2ની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ધરાવતું મોદી જૂથનું સૌપ્રથમ ભારત- ચીન સંયુક્ત સાહસ છે.